GPCB

**GUJARAT POLLUTION CONTROL BOARD**
PARYAVARAN BHAVAN
Sector-10-A, **Gandhinagar**-382 010
Phone : (079) 23226295
Fax : (079) 23232156
Website : www.gpcb.gov.in

**પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ -1974ની કલમ 33 અ હેઠળ ઉદ્યોગને સૂચના (નોટીસ)**

1) આપ મેસર્સ નર્મદા કલીન ટેક લીમીટેડ, સુરતી ભાગોળ , ઉમરાવાડા રોડ અંકલેશ્વર, જી.ભરૂચ ઠેકાણે કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવો છો.

2) આપને જણાવવાનું કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના હુકમ નંબર- AWH- ૪૪૬૮૪ થી આપને ૨૪/૦૭/૨૦૧૬ સુધીના સમય માટે કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

3) આપને જણાવવાનું કે આપના ઉદ્યોગની છેલ્લા ત્રણ માસમાં પાણી અધિનિયમની કલમ-23 હેઠળ બોર્ડના અધિકારીઓએ મુલાકાત લીધેલ ત્યારે નીચે મુજબની વિગતો જાણવા મળેલ હતી.

- છેલ્લા ત્રણ માસના એનાલીસીસ રીપોર્ટ જોતાં શુધ્ધિકરણ પ્લાન્ટના આઉટલેટમાં એવરેજ COD: 600-700 mg/L અને એમોનીકલ નાઈટ્રોજન ($NH_3$-N): 300-350 mg/L જોવા મળેલ છે, જે બોર્ડની માન્ય માત્રા કરતાં ઘણો વધારે છે.

4) આપની એફ્લુઅન્ટ વહન કરતી પાઈપ લાઈનમાં વખતો વખત ભંગાણ સર્જાય છે. જેના કારણે ટ્રીટેડ ગંદુ વેસ્ટ વોટર જમીન ઉપર ફેલાય છે.

5) આપને ત્યાં જોવા મળેલ પ્રદૂષણ નિયત માત્રા કરતાં વધારે અને પર્યાવરણને ગંભીર અસર કરે એ પ્રકારનું હતું.

ઉપરોકત સંજોગોમાં હું, **ડી.એમ.ઠાકર, પર્યાવરણ ઈજનેર,** ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પાણી અધિનિયમની કલમ -33 અ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે મુજબ સુચના આપું છું કે,

1) આપના સભ્ય ઉદ્યોગની ઉત્પાદન પ્રકિયા નિયંત્રિત કરવા પાણી અધિનિયમ-1974ની કલમ-33 અ હેઠળ શા માટે આદેશ ન આપવા ?

2) આપના ધ્વારા એસ્ટેટમાં જે મોનીટરીંગ કરવામાં આવે છે તે અને **FETP** માં જે મોનીટરીંગ કરવામાં આવે છે તેને સુદૃઢ કરવું.

3) તા: ૧૨/03/૨૦૧૫ રોજના અંડરટેકીંગમાં આપેલ લાંબાગાળાના એકશન પ્લાનનું પાલન કરવું.

4) ટ્રીટેડ ઔદ્યોગીક ગંદા પાણીના વહન કરતી પાઈપલાઈનમાં ભંગાણ દરમ્યાન જયાં પાણી ગયેલ હોય તે વિસ્તારનું રેમેડીએશન સત્વરે પુર્ણ કરવું.

જો આપ દિન-15માં આપની લેખિત રજુઆત કરવામાં કે ખુલાસો કરવામાં નિષ્ફળ જશો તો આપને આ બાબતે રજુઆત કરવાની રહેતી નથી તેમ માનીને બોર્ડને પાંણી અધિનિયમ-1974ની કલમ-33 અ હેઠળ ઉપર મુજબનો આદેશ આપવાની ફરજ પડશે અને તે માટેની સઘળી જવાબદારી આપની રહેશે જેની નોંધ લેશો.

Outward No:346899,29/02/2016

નંબર :- જીપીસીબી/એએનકે/સીસીએ-૧૦૧૫(૨૩)/ આઇડી-૨૭૮૩૩/ તા.

પ્રતિ:-

૧) કબજેદાર/મેનેજરશ્રી,
મેસર્સ નર્મદા કલીન ટેક લીમીટેડ,
સુરતી ભાગોળ,
ઉમરાવાડા રોડ અંકલેશ્વર,
જી.ભરૂચ

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નામે અને વતી,

D. M. Thaker 29/2

(ડી.એમ.ઠાકર)
પર્યાવરણ ઈજનેર

Outward No:346899,29/02/2016